નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતાની
સમાજ કલ્યાણ અધિકારી(વર્ગ.૨) સંવર્ગની
કેડર સ્ટ્રેન્થ નિયત કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ મકમ/૧૧૨૦૧૬/૫૪૦૪૭૪/અ,
સચિવાલય,ગાંધીનગર.
તા. /૦૭/૨૦૨૨

વંચાણે લીધાઃ-

(૧) સા.વ.વિ.ના તા.૩/૨/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃઆરએસકે/૧૦૨૦૧૪/૨૩૦૦(૨૧)/આર.
(૨) સા.ન્યા.અને અ.વિ.ના તા.૭/૧૧/૨૦૧૬ના ઠરાવ ક્રમાંકઃમકમ/૧૧૨૦૧૬/૫૪૦૪૭૪/અ
(૩) સા.ન્યા.અને અ.વિ.ના તા.૨૦/૦૮/૨૦૧૮ના ઠરાવ ક્રમાંકઃમકમ/૧૧૨૦૧૬/૫૪૦૪૭૪/અ
(૪) સા.ન્યા.અને અ.વિ.ના તા.૦૫/૦૫/૨૦૨૨ના ઠરાવ ક્રમાંકઃમકમ/૧૧૨૦૨૨/૨૭૨૨૨/અ
(૫) નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતાના તા.૦૬/૦૬/૨૦૨૨ના પત્ર ક્રમાંકઃ વિજાક/મકમ/૨૦૨૨-૨૩/૧૮૯૦

આમુખઃ-

રાજ્ય સરકાર ધ્વારા ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર અન્વયે વર્ગ.૨/૩ ના કર્મચારી /અધિકારીઓની ભરતી કરવા માટે વંચાણે લીધેલ ક્રમાંક (૧) હેઠળના તા.૩/૨/૨૦૧૪ના ઠરાવથીસમાજ કલ્યાણ અધિકારી (વર્ગ.૨) સંવર્ગની કેડર સ્ટ્રેન્થ ૨૭ નક્કી કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૨) હેઠળના ઠરાવથી તા.૭/૧૧/૨૦૧૬ થી સમાજ કલ્યાણ અધિકારી વર્ગ.૨ની કેડર સ્ટ્રેન્થ ૩૬ નક્કી કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૩) હેઠળના ઠરાવથી તા.૨૦/૦૮/૨૦૧૮ના ઠરાવથી સમાજ કલ્યાણ અધિકારી વર્ગ-૨ની કેડર સ્ટ્રેન્થ ૩૮ નક્કી કરવામાં આવેલ છે.

વંચાણે લીધા ક્રમાંક (૫) હેઠળના તા.૦૫/૦૫/૨૦૨૨ના ઠરાવથી સમાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના શંકાસ્પદ જાતિ પ્રમાણપત્રોની ચકાસણી/ખરાઈ કરવા માટે વડી કચેરી ખાતે જાતિ પ્રમાણપત્ર સમિતિની રચના માટે નવું મહેકમ મંજૂર કરી વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. જેમાં સમાજ કલ્યાણ અધિકારીની ૧-જગ્યાનો સમાવેશ કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૫)ના નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતાના તા.૦૬/૦૬/૨૦૨૨ના પત્રથી નવી મંજૂર થયેલ ૧(એક)-સમાજ કલ્યાણ અધિકારીની જગ્યાઓનો કેડર સ્ટ્રેન્થમાં સમાવેશ દરખાસ્ત કરવામાં આવેલ, જે વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

પુખ્ત વિચારણાના અંતે, નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હેઠળની હાલની મંજૂર થયેલ ૩૮ સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ-૨)ની જગ્યાઓમાં ૦૧(એક) જગ્યાઓનો સમાવેશ કરી સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ-૨) સંવર્ગની કેડર સ્ટ્રેન્થ ૩૯ નકકી કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ-૨ સંવર્ગના ભરતી નિયમોમાં સીધી ભરતી અને બઢતીનો રેશિયો ૧:૪ હોઇ, સીધી ભરતીના ફાળે ૮ જગ્યાઓ અને બઢતીના ફાળે ૩૧ જગ્યાઓ નિયત કરવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સામાન્ય વહીવટ વિભાગની તા.૧૫/૦૭/૨૦૨૨ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર. જે. ખરાડી)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ-૨, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતુ , ગુજરાત રાજય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.) સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, 'ગ-૫' શાખા, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, 'ઝ.૧' શાખા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર-શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ---- વિભાગની વેબસાઈટ પર ઓનલાઈન પ્રસિધ્ધ કરવા સારૂ.
- ના.સે.અધિ.શ્રી/શાખાસિલેકટ ફાઇલ